# ઋણ સ્વીકાર

સ્નાતક સુધીનો મારો અભ્યાસ પંચમહાલના પેરિસ ગણાતાં દેવગઢ બારિયામાં થયો. ત્યારબાદ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરામાં મને અનુસ્નાતકનો અભ્યાસ કરવાનો મોકો મળ્યો. આ માટેનું નિમિત્ત દેવગઢ બારિયાની વાય.એસ.આર્ટ્સ કોલેજના પ્રોફેસર શ્રી નિસરતા સાહેબ હતા. જેમણે મને વધુ અભ્યાસ માટે વડોદરા જવા સૂચવ્યું અને એ રીતે હું વડોદરાની આ પ્રખ્યાત યુનિવર્સિટીમાં M.A. કરવા જોડાયો.

મારું સદ્ભાગ્ય રહ્યું કે મને પ્રો. સિતાંશુ યશશ્ચંદ્ર, પ્રો. શિરીષ પંચાલ, પ્રો. રમણ સોની, પ્રો. સુધા પંડયા, પ્રો. અરુણા બક્ષી, પ્રો. લવકુમાર દેસાઈ, પ્રો. ભારતી દલાલ, પ્રો. જયેશ ભોગાયતા, પ્રો. ભરત મહેતા અને પ્રો. નીતા ભગત જેવાં વિદ્વાન ગુરુઓ પાસે અભ્યાસ કરવાનો મોકો મળ્યો. સંતરામપુર કોલેજથી આ યુનિવર્સિટીમાં જોડાયેલા આદરણીય ભરત મહેતા સાહેબની ભણાવવાની રીત અને વિવિધ વિષયો પરના જ્ઞાનથી હું પ્રેરિત થયો હતો એ આજે પણ સ્મરું છું.

M.A.ના અભ્યાસ દરમિયાન જેમ જેમ સાહિત્યને વિગતે સમજતો ગયો તેમ તેમ મને તેમાં રસ પડવા લાગ્યો અને આગળ અભ્યાસ કરવાનાં દ્વાર ખુલતાં ગયાં. M.A.ના અભ્યાસ દરમિયાન જ UGC NET વિશે સાંભળ્યું અને ૨૦૦૧માં M.A. પૂર્ણ કરી તરત જ તેની તૈયારીમાં લાગી ગયો. જોકે, આર્થિક રીતે પગભર થવા ૨૦૦૨માં B.Ed. માં જોડાયો. માબાપની દુઆ અને સારા નસીબે ૨૦૦૪માં વડોદરાની જ પ્રખ્યાત શાળા 'બરોડા હાઈસ્કુલ, ઓ.એન.જી.સી'માં ગુજરાતીના શિક્ષક તરીકે જોડાયો.

સાહિત્ય પ્રત્યે ખૂબ જ લગાવ અને NET પાસ કરવાની તીવ્ર ઈચ્છા છતાં શિક્ષક તરીકેની જવાબદારીને લીધે NET આપવાનું તરત ન બન્યું, જે છેક ૨૦૧૨માં આપી અને ઉત્તીર્ણ થયો. NET પાસ કરવાને કારણે ઉમંગ બેવડાયો અને એમ.એસ.યુનિવર્સિટીમાંથી જ Ph.D. કરવું એવું નક્કી કર્યું. ભરત મહેતા સાહેબ સાથેનો પરિચય અને પહેલાથી જ તેમનાથી પ્રેરિત હું Ph.D. કરવાનો વિચાર લઈને એમની પાસે ગયો. બે-ત્રણ મુલાકાત અને વિગતે ચર્ચાને અંતે કથાસાહિત્યમાં જ કામ કરવાની ઈચ્છા હોવાથી ભરત મહેતા સાહેબે મને ગમતાં એવાં અનુઆધુનિક વાર્તાકાર 'હિમાંશી શેલતનું ગુજરાતી સાહિત્યમાં પ્રદાન' એ વિષય સૂચવ્યો અને હું તા.૧૯.૦૨.૨૦૧૫માં મહેતા સાહેબના માર્ગદર્શન હેઠળ Ph.D. કરવા જોડાયો.

આજે Ph.D.નું કાર્ય જ્યારે પૂર્ણ થઈ રહ્યું છે ત્યારે અનેરા આનંદ સાથે હું એ સૌને સ્મરું છું અને આભારની લાગણી વ્યક્ત કરું છું, જેઓ આ કાર્યમાં મને અનેક રીતે મદદરૂપ થયાં છે.

સૌપ્રથમ મારા માર્ગદર્શક પ્રોફેસર ભરત મહેતાસાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છું કે વિષય પસંદગીથી લઈને આ કાર્ય પૂર્ણ કરી રહ્યો છું ત્યાર સુધી જ્યારે જ્યારે જરૂરત પડી કે હું અટવાયો ત્યારે ત્યારે એમનું મને સતત માર્ગદર્શન મળતું રહ્યું છે. કોરોનાના કપરા કાળ દરમિયાન પ્રત્યક્ષ મળી ન શકાતું એવામાં પણ એમનાં દ્વાર હંમેશા ખુલ્લાં રહેતાં અને હૃદયપૂર્વક આવકારતા. આથી એમનો જેટલો આભાર માનું તેટલો ઓછો લેખાશે.

અહીં હિમાંશીબહેન શેલતનો વિશેષ આભાર માનું છું કે જ્યારે જ્યારે મને માર્ગદર્શનની જરૂર પડી ત્યારે ત્યારે મને એમનું માર્ગદર્શન મળ્યું અને મુલાકાતમાં પૂછેલાં બધાજ પ્રશ્નોના એમણે વિગતે ઉત્તરો આપ્યા.

પોતાનો પુત્ર વડોદરા અભ્યાસાર્થે જાય કે નોકરી મળે ત્યારે ગર્વ અનુભવનાર મારા માબાપ અત્યારે હયાત નથી ત્યારે Ph.D. થયાનો આનંદ ફિક્કો લાગે છે. સંશોધન કાર્ય દરમિયાન જ પિતાનું અવસાન અને તેના ૧૪ મહિના પછી માતાનું અવસાન થવાથી હું ભાંગી પડયો હતો, આજે જ્યારે કાર્ય પૂરું થઈ રહ્યું છે ત્યારે તેમને દિલથી યાદ કરું છું.

ગુજરાતી વિભાગના અધ્યાપકોનો પણ હું દિલથી આભાર વ્યક્ત કરું છું. જ્યારે જ્યારે મને માર્ગદર્શનની જરૂર પડી ત્યારે ત્યારે ઉમળકાભેર મદદરૂપ થયાં છે. વિભાગના પૂર્વ અધ્યક્ષ દીપક રાવલ સાહેબ, હાલના અધ્યક્ષ પુંડલિક પવાર સાહેબ, ભરત પંડયા સાહેબ, રાજેશ પંડયા સાહેબ, શકીલ કાદરી સાહેબ અને દર્શિની દાદાવાલા મેડમ એ સૌનો આભાર વ્યક્ત કરું છું. ગુજરાતી વિભાગના જીમીભાઈ સાથીસહાયક મંગળભાઈ તેમજ જાગૃતિબહેનનો પણ અત્રે આભાર વ્યક્ત કરું છું.

સંશોધન કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થનાર ગુજરાતી વિભાગના સૌ મિત્રો - રાજેશ બાંભણિયા, મૌલિકા પટેલ, હેમંત પરમાર, દિપક વ્યાસ, હેમંત ગઢવી, ગિરીશ મકવાણા, પ્રકાશ પરમાર, માનસિંગ રાઠવા, દિલીપ ધોરિયા, યોગેશ પટેલ, કનુ પરમાર, દેવરાજ વાઘેલા, રાઘવ ભરવાડ, મનાલી જોષી, રાજેન્દ્ર પરમાર, માનસી જયસ્વાલ વગેરેને અત્રે સ્મરું છું અને એમનો આભાર વ્યક્ત કરું છું. એમ.એસ. યુનિવર્સિટીની હંસા મહેતા લાઈબ્રેરી તેમજ સેન્ટ્રલ લાઈબ્રેરી, વડોદરાના સૌ કર્મચારી મિત્રોનો પણ અત્રે આભાર માનું છું.

Ph.D.ના કાર્યમાં શરૂઆતથી જ સતત પ્રોત્સાહન આપનાર અને મારું કાર્ય ક્યાં સુધી થયું તેની સતત પૃચ્છા કરનાર પ્રો. ક્રિષ્નૈયાસર, ડૉ. ટી. શ્રીનિવાસસર અને દર્શન દેસાઈસરનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

સૌથી વધારે આભાર જો કોઈનો માનવાનો હોય તો તે હું જે શાળામાં નોકરી કરું છું એ સંસ્થાના ટ્રસ્ટ 'બરોડા લાયન્સ ક્લબ એજ્યુકેશન ટ્રસ્ટ'ના ટ્રસ્ટીશ્રીઓ શ્રી જગદીશ શુક્લાસર, શ્રી મયૂર સ્વાદીયાસર, મીલીન મહેતાસર, ડૉ.આયંગરસર, જીતેન્દ્ર પટેલસર, પ્રેરણા મોહિતેમેડમ, અંજલિ દવેમેડમ, પ્રો.અમીત ધોળકિયાસર, અરનવાઝ હવેવાલામેડમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. કારણ કે એમણે મને Ph.D. કરવાની પરવાનગી આપી અને સતત પ્રોત્સાહન તેમજ સહકાર આપ્યો જેથી આજે હું મારું Ph.D.નું કાર્ય પૂર્ણ કરી રહ્યો છું. ધવલ શાહસર અને મેહુલભાઈનો પણ મને સતત સહકાર મળતો રહ્યો છે એ બદલ એમનો પણ અત્રે આભાર માનું છું.

જ્યારથી મેં આચાર્યનો ચાર્જ સંભાળ્યો ત્યારથી મને સતત સહકાર આપનાર બરોડા હાઈસ્કુલ - બગીખાના, ઓ.એન.જી.સી, અલકાપુરી અને દંતેશ્વરના આચાર્યશ્રીઓ - નંદિની કાપસીકર, શૈલજા દેશપાંડે, સ્મિતા મલિક, પ્રિયા મખિજાની, અલ્પના માથુર, દુષ્યંત દેસાઈ, નગીન પરમાર, સપના બક્ષી, દેવેન્દર હુન્ડલ, દેબોદત્તા દાસગુપ્તા અને ચૈતાલી કોરડેનો ખૂબ ખૂબ આભાર માનું છું કે જેમનાં છેલ્લા ત્રણ વર્ષના સહકારને કારણે આજે આ Ph.D. નું કાર્ય હું પૂર્ણ કરી શક્યો છું. બરોડા હાઈસ્કુલ, ઓ.એન.જી.સી., પ્રાયમરીના આચાર્ય શ્રી જગદંબા જોષી સાહેબનો વિશેષ આભાર કે Ph.D. ના આખરી તબક્કામાં આચાર્યની મારી જવાબદારી પોતાને માથે લઈ મને પી.એચ.ડી.નું કાર્ય કરવા મુક્ત કર્યો.

મારી શાળા 'બરોડા હાઈસ્કુલ, ઓ.એન.જી.સી.'ના પૂર્વ આચાર્ય સ્વ. શ્રી રસિક શાહ સાહેબનો આભાર માનું છું કે જેમણે મને ટ્રસ્ટ પાસેથી Ph.D. કરવાની પરવાનગી મેળવવામાં મદદ કરી. પૂર્વ આચાર્ય શ્રી દીપક પરીખ સાહેબ, શાળાના સૌ શિક્ષકમિત્રો - ડૉ. જીવરાજ ચૌહાણ, હરેન્દ્ર રાઠોડ, રતિલાલ પરમાર, અનિલ ચૌધરી, પરીક્ષિત રાણા, અનવર વોરા, મુકેશ પરમાર, સીમા કર્ણિક, યોગીની પટેલ, કાજલ ખિરૈયા, વંદના મપારા, રાજેશ નાગપુરે, સુનીલ બારોટ, નરેન્દ્ર ગોસાઈ, યોગરાજ જોષી, પૂજિતા પંડિત, પુનમસિંગ, દ્વિજેશ પટેલ, હરેક્રિષ્ના કશ્યપ, સ્વાતિ શુક્લા, હેમાલી જેઠવા તેમજ છેલ્લા ત્રણ વર્ષની આચાર્ય તરીકેની જવાબદારીમાં મારી પડખે રહેનાર મુકેશભાઈ નાયક, કાન્તિભાઈ પટેલ, જ્યોત્સનાબેન રાઠોડ, પાટીલભાઈ, જીગરભાઈ,

જગદીશભાઈ, રાજુભાઈ, નયનાબેન અને વર્ષાબેન એ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું કે તેમનાં સહકારને લીધે જ આ શક્ય બન્યું છે.

અંતે જેમનાં લીધે જ આ Ph.D.નું કાર્ય પૂર્ણ કરી શક્યો એવી મારી પ્રેમાળ પત્ની - સઈદાને અહીં ખાસ યાદ કરું છું કે જેણે ઘરની સઘળી જવાબદારી પોતાના માથે લઈ મને મુક્ત રાખ્યો, Ph.D.નું કાર્ય વારંવાર ખોટકાતું ત્યારે એણે જ મને હિમ્મત આપી અને કામ કરવા માટે પ્રોત્સાહિત કર્યો. કામમાં મશગૂલ હોઉં ત્યારે સમય સમય પર મારા જમવાથી માંડી આરોગ્યનું ધ્યાન રાખીને Ph.D.નું કાર્ય સમય પર પૂરું કરવામાં મદદરૂપ રહી. સંશોધનકાર્ય દરમિયાન જ લગ્ન કરીને સાસરે ગયેલી દીકરી સમીના અને જમાઈ ઈમરાન મને Ph.D. નાના-મોટા કાર્યમાં મદદરૂપ થયાં છે એમને અત્રે સ્મરું છું. દીકરો અયાન કે જેની અગિયાર વર્ષની ઉમરમાંથી સાત વર્ષ તો મેં Ph.D.માં જ ગાળ્યા. પપ્પાની Ph.D. પૂર્ણ થવાની રાહ જોતા અયાનને અત્રે સ્મરું અને હવે એને સમય આપી શકીશ એ બદલ રાજીપો વ્યક્ત કરું છું. મારા મોટાભાઈ ઐયુબે અને ભાઈ ઈમરાને ગામ અને સમાજના મોટાભાગના કાર્યો પોતાના માથે ઉપાડી લઈ મને સામાજિક જવાબદારીઓમાંથી મુક્ત રાખી Ph.D.નું કાર્ય પૂર્ણ કરવામાં મદદરૂપ થયા એથી એમનો દિલથી આભાર માનું છું. મારા કુટુંબ અને સગાં-સંબંધીઓ એ સૌને અત્યારે યાદ કરી એમનો પણ આભાર વ્યક્ત કરું છું. ગામના મારા સૌ મિત્રો અને વડીલો કે જેઓએ મને Ph.D. પૂર્ણ કરવા પ્રોત્સાહિત કર્યો હતો એ સૌના પ્રેમ અને સહકાર બદલ આભાર વ્યક્ત કરું છું.

અને છેલ્લે સૌ સ્નેહીજનો, કુટુંબીજનો, મિત્રો, વડીલો અને જે જે લોકો મને આ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થયાં એ સૌને હું અહીં અંતઃકરણપૂર્વક યાદ કરું છું અને એમનો આભાર વ્યક્ત કરું છું.

યાકુબ શેખ

વડોદરા